અપીલ અરજી નં.૨૬૪ તા.૧૩–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિપક પટેલ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક પટેલની તા.૯–૧૦–૦૯ ની અરજીથી (૨–A) તા.૧–૫–૦૩ ના રોજ શાળા નં.૩૮/૩૯ સગરામપરામાં C.R.C. કોઓ., સબ કો.ઓ., શાસનાધિકારી તથા સર્વ શિક્ષા અભિયાન સબંઘી અધિકારીઓની મીટીંગ હતી જેમાં હાજર તમામના પૂરા નામ હોદ્દા વગેરેની પ્રમાણિત માહિતી મુદ્દા નં. ૨–A થી ૨–H ની આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૪/૨૦૦૯–૧૦

શ્રી દિપક પટેલની તા.૯–૧૦–૦૯ ની અરજીથી (૨–A) તા.૧–૫–૦૩ ના રોજ શાળા નં.૩૮/૩૯ સગરામપરામાં C.R.C. કોઓ., સબ કો.ઓ., શાસનાધિકારી તથા સર્વ શિક્ષા અભિયાન સબંધી અધિકારીઓની મીટીંગ હતી જેમાં હાજર તમામના પૂરા નામ હોદ્દા વગેરેની પ્રમાણિત માહિતી મુદ્દા નં. ૨–A થી ૨–H ની આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૬ તા.૨૧–૧૧–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૪૮ તા.૨૬–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં તા.૧૮–૧૧–૦૯ થી નમુના 'ગ' નાણાં ભરી જવાના પત્રની નકલ, તા.૧૯–૧૧–૦૯ થી નમુના 'ઘ' માં આપેલ માહિતી ના પત્રની નકલ, સી.આર.સી. ના નામ સરનામાંના પત્રની નકલ, તા.૩૦–૪–૦૮ થી નાણાં ભરવા જણાવતાં પત્રની નકલ, ફરીયાદ નં.૧૮૫૫/૨૦૦૭–૦૮ અંગે આયોગના હુકમની નકલ, જાવક નં.૧૭૭ તા.૨૦–૨–૦૯ થી ગુજરાત માહિતી આયોગ ગાંધીનગરને કરેલ પત્રની નકલ, પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૦ તા.૭–૬–૦૮ ના હુકમની નકલ, અરજી ૧૪૦ તા.૩–૧૨–૦૭ ના પત્રની નકલ, સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર ગાંધીનગરના તા.૪–૨–૦૩ના પત્રની નકલ રજૂ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૯–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૨–એ. તા.૧–૫–૦૩ ના રોજ શાળા નં.૩૮/૩૯ સગરામપરામાં સી.આર.સી.કો.ઓ., સબ કો.ઓ., શાસનાધિકારી તથા સર્વ શિક્ષા અભિયાન સબંધી અધિકારીઓની મીટીંગ હતી જેમાં હાજર તમામના પુરા નામ તથા હોદ્દા વિગેરેની પ્રમાણિત માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી હાજર રહેનાર સી.આર.સી. કો.ઓ.ની યાદી સામેલ છે અધિકારી તરીકે શ્રી આર સી. મહેતા સાહેબ નિરીક્ષક શ્રી અનિલાબેન પટેલ તથા કારકુન શ્રી કેશવભાઈ આહિર તથા બીઆરપી ૧ થી ૩ શ્રી જયાબેન સુમરા, અલીભાઈ પ્રેસીડેન્ટ તથા મુરલીધર ગુર્જર હાજર રહયા હતાં . મુદ્દા નં.૨–બી. આપશ્રીની કચેરીનો તા.૩૦–૪–૦૮ નો પત્ર નં.૧૪ ની પ્રમાણિત નકલ.જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પત્રની નકલ પાના નં.૧ મુદ્દા નં.૨–સી.ગુજરાત માહિતી આયોગના તા.૧૫–૬–૦૯ નો ફરીયાદ નં.૧૮૫૫/૦૭–૦૮ પત્રની પ્રમાણિત નકલ .જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પત્રની નકલ, મુદ્દા નં.૨–બી. ફરીયાદ નં.૧૮૫૫ સબંધી તા.૧૦–૨–૦૯ ના જી.સી. ૧૮૫૫ /૨૦૦૭–૦૮ અન્વયે આપશ્રીની કચેરી ધ્વારા આયોગને આદેશ મુજબ મોકલેલ અહેવાલ રીમાર્કસ વિગેરે પત્રની પ્રમાણિત નકલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આનુષાંગિક પત્રની માહિતીની નકલ મુદ્દા નં.૨–ઈ. મ્યુ. કમિશ્નર સુરત ધ્વારા તા.૭–૬–૦૮ ના રોજ કરેલ હુકમની પ્રમાણિત નકલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મે. મ્યુ.કમિશ્નરશ્રીના પત્ર નં.૧૯૦ તા.૭–૬–૦૮ નો પત્રની નકલ ,મુદ્દા નં.૨–એફ આઈ ડી નં.૧૭૨ તા.૨–૪–૦૮ સબંધી તા.૫–૭–૦૮ પત્ર નં.૫૫ થી માહિતી મોકલાવ્યાના દાદ બાદ આઈ ડી નં.૧૭૨ સબંધી જે માહિતી આપી નથી છુપાવી છે તે તમામ માહિતી પત્રોની નકલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગ્યા પ્રમાણેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની હોય છે જે આપવામાં આવેલ છે, મુદ્દા નં.૨–જી. તા.૩–૧૨–૦૭ ના પત્ર નં.૪૯૭૨ બાદ નાણાં વસુલ કરી જે માહિતી અરજદારને આપી હોય તે પત્રોની પ્રમાણિત નકલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩–૧૨–૦૭ ના પત્ર નં.૪૯૭૨ ની નકલ આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨–એચ. ન.પ્રા.શિ.સુરતના શાસનાધિકારી સર્વશિક્ષા અભિયાન મિશનના પ્રોજેકટ કો.ઓ. તરીકે જવાબદારી સંભાળે છે પત્રો ઉપર હોદ્દા સાથે સહી કરે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારના પત્રમાં જણાવેલ જે માહિતી રેકર્ડ ઉપર છે તેના પત્રની નકલ તા.૪–૨–૦૩ નો માનનીય સ્ટેટ પ્રોજેકટ ઓફિસર ગાંધીનગરનો પત્ર પાના નં.૧ ની માહિતી તૈયાર કરી રજૂ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં આરટીઆઈ એકટ ૦૫ની તમામ જોગવાઈઓનો ભંગ કરવામાં આવ્યો છે. આઈ ડી નં. આપ્યો નથી, માહિતીનો ચાર્જ જણાવ્યો નથી, કોઈ જવાબ આપ્યો નથી માહિતી નકારી નથી. અરજી તબદીલ કરી નથી માંગણી મુજબની માહિતી આપી નથી એવું જણાવેલ. જેના અનુસંધાને નં.આરટીઆઈ સેલ/૯૬૦ તા.૩–૧૨–૦૯ થી જાહેર માહિતી અધિકારી અને અરજદારને તા.૯–૧૨–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ.જેમાં અરજદાર પોતે હાજર રહી લેખિત રજૂઆત કરેલ. જેમાં જણાવ્યા મુજબ નમુના 'ક' ની તા.૯–૧

૦–૦૯ ની અરજી અંગે તા.૧૮–૧૧–૦૯ થી રૂ.૨૦/– ભરવા અંગેનો પત્ર પાઠવેલ છે. જે દિન –૩૦ ની સમય મર્યાદા બાદ પાઠવવામાં આવેલ છે. તથા તેમની મુળ અરજીથી માંગેલ માહિતી નહીં મળ્યાનું મુદ્દાવાર યાદી આપી જણાવેલ છે. તથા ૭(૬) હેઠળ માહિતી અપાવવા દાદ માંગેલ છે. જાહેર માહિતી અધિકારી પક્ષે શાસનાધિકારી ધ્વારા જરૂર જણાયે ઈન્સ્પેકશનસહ માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન. પ્રા.શિ.સ. ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપક આર. પટેલ,